**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૦.૦° સે. | ૨૧.૦° સે. |
| બારડોલી | ૩૯.૦° સે. | ૨૧.૦° સે. |
| ભરૂચ | ૪૨.૦° સે. | ૨૨.૦° સે. |
| વ્યારા | ૩૯.૦° સે. | ૨૧.૦° સે. |

# કરચેલિયાના ખુશ્બુ કોમ્પ્લેક્સમાં આગ ૧૧ બાઈક બળી ગઈ, લાખોનું નુકસાન

**શોર્ટ** સર્કિટની આશંકા, ફાયર બ્રિગેડે સમયસર કાબૂ મેળવતાં જાનહાનિ ટળી



મેહુલ પટેલ

અનાવલ: મહુવાના કરચેલિયા ગામે આવેલા ખુશ્બુ કોમ્પ્લેક્સમાં મધરાત્રિ દરમિયાન લાગેલી આગમાં ૧૧ જેટલી બાઇક બળીને ખાખ થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. આ બનાવમાં દુકાનોને પણ ભારે નુકસાન થયું છે. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

મળતી માહિતી મુજબ મહુવાના કરચેલિયામાં ખુશ્બુ કોમ્પ્લેક્સમાં રહેતા અને "બાલાજી કરિયાણા" નામે દુકાન ચલાવતા વેપારી ગઈકાલે રાત્રે દુકાન બંધ કરી પરિવાર સાથે ઉપરના માળે સૂવા ગયા હતા. દરમિયાન રાત્રે આશરે ૨ વાગ્યાના સમયે નીચે બૂમાબૂમનો અવાજ સાંભળતાં તેઓ જાગીને નીચે દોડ્યા હતા. ત્યાં જઈ જોયું તો દુકાન નં.૯ પાસે આગ ભભૂકી રહી હતી.

આગ ઝડપથી ફેલાતાં કોમ્પ્લેક્સની નીચે પાર્ક કરેલાં વાહનો અને મીટર બોક્સમાં પણ આગ લાગી હતી. આ આગમાં કુલ ૧૧ જેટલી બાઇક સંપૂર્ણ બળી ગઈ હતી. તેમજ દુકાન નં.૫થી ૯ સુધીની દુકાનોનાં શટર અને સામાનને પણ નુકસાન પહોંચ્યું હતું.

સ્થાનિક લોકોએ તરત જ ફાયર બ્રિગેડને જાણ કરતાં થોડા જ સમયમાં ફાયર ટીમ પહોંચી આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો.

સમયસર કાર્યવાહી થતાં કોઈ જાનહાનિ થઈ નથી. આ બનાવમાં મોપેડ, સ્પ્લેન્ડર, ડ્યુક સહિત વિવિધ વાહનો બળી ગયાં હોવાનું જાણવા મળે છે.

પ્રાથમિક અંદાજ મુજબ કુલ આશરે રૂ.7 લાખ જેટલું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગ્યાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બનાવ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## ભરૂચના શોપિંગ સેન્ટરમાં આગ, મોટી દુર્ઘટના ન બનતાં રાહત



ભરૂચ: ભરૂચના ઝાડેશ્વર ચોકડી સ્થિત આર.કે.એલીનોરા શોપિંગ સેન્ટરમાં સાઈ અગરબત્તીની દુકાનમાં બુધવારે સવારે શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. જેના પગલે શોપિંગ સેન્ટરમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. શોપિંગ સેન્ટરમાં ઉપલબ્ધ ફાયર સેફ્ટી સાધનોનો ઉપયોગ કરીને સ્થાનિક લોકોએ ગણતરીની મિનિટ્સમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ ઘટનાની જાણ ભરૂચ નગરપાલિકા અને જી.એન.એફ.સી.ના ફાયર બ્રિગેડને પણ કરવામાં આવી હતી. સદભાગ્યે, સમયસર આગ પર કાબૂ મેળવી લેવાતાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

## ગોડસંબા નજીક રોડ અકસ્માતમાં વૃદ્ધનું મોત



હિતેશ પટેલ

માંડવી: માંડવીના ગોડસંબા ગામ નવી વસાહતમાં રહેતા રાનુભાઈ બુધિયાભાઈ રાઠોડ (ઉ.વ.78) સાંજે આશરે 6:45 વાગ્યે રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે કીમ તરફથી ગોડસંબા નજીક પૂરઝડપે આવતી બાઈક નં.(GJ-19 BK 7328) ના ચાલકે તેમને અડફેટે લેતાં વૃદ્ધ રાનુભાઈને 108 એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક માંડવી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

## બગુમરામાં ટીબીની બીમારીથી મહિલાનું મોત

પલસાણા: મૂળ ઝારખંડના ગોડડા જિલ્લાના કુરપટ્ટી અને હાલ બગુમરા ગામે સૂર્યાન્સી સોસાયટીમાં મકાન નંબર 302માં રહેતા લાલુમુનિ દેવી વિદ્યાનંદ સિંગ (ઉ.વ.32) છેલ્લા એક મહિનાથી ટીબીની બીમારીથી પીડાતા હતા. ગત રોજ તેમની તબિયત અચાનક બગાડતા સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

# કીમમાં નવા બનેલા રોડ પર દુકાનદારોએ કબજો કરી દીધો

**કીમ** ઓવરબ્રિજ નીચે ગ્રીલ ફિટિંગમાં ભેદભાવના ગંભીર આક્ષેપ



કિરણ ઢોડિયા

કીમ: કીમ ગામના ઓવરબ્રિજ નીચે દબાણ મુદ્દે વર્ષોથી ચાલતા વિવાદ બાદ માર્ગ-મકાન વિભાગ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે લોખંડની ગ્રીલ રેલિંગ બેસાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ આ કાર્યવાહી બાદ પણ નવા વિવાદો ઊભા થયા છે. લોકોનો આક્ષેપ છે કે કેટલાક દુકાનદારો સામે જગ્યા ખુલ્લી રાખવામાં આવી છે, જ્યારે શાળા અને ગ્રામ પંચાયત જેવા આવશ્યક સેવા સ્થળો સામે ગ્રીલ લગાવી દેવામાં આવી છે. જેના કારણે કીમ ગામમાં તંત્ર દ્વારા નીતિ-નિયમોમાં ભેદભાવ થતો હોવાનો આરોપ સ્થાનિકો કરી રહ્યા છે. ઓવરબ્રિજ નીચે દબાણકર્તાઓ દ્વારા લારીઓ, ગલ્લાઓ અને તંબુ તાણવાના બનાવો વધતા જતા ટ્રાફિક સમસ્યા ગંભીર બની રહી છે. દુકાનદારો રોડ પર માલસામાન મૂકી વેચાણ કરતા હોવાના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક લોકો જણાવે છે કે, દબાણકર્તાઓ એટલા બેફામ બની ગયા છે કે કોઈ ટકોર કરે તો તકરાર અને અપશબ્દો સુધી વાત પહોંચે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગ-મકાન વિભાગ દ્વારા ગ્રીલ લગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, પરંતુ ગ્રીલ ફિટિંગમાં ભેદભાવ રાખવામાં આવ્યો હોવાના આક્ષેપો ફરી સામે આવ્યા છે. કેટલાક દુકાનદારો ઓવરબ્રિજ નીચે લગાવવામાં આવેલી ગ્રીલની સાથે પોતાની દુકાનો પણ ઊભી કરી દેતા હોવાના આક્ષેપ છે. વધુમાં, નવા બનાવાયેલા રોડ પર પણ માલસામાન મૂકી દેવાના કારણે રસ્તો એટલો સાંકડો બની ગયો છે કે એક સ્કૂલ બસ પણ સરળતાથી પસાર થઈ શકતી નથી.

સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે લાખો રૂપિયાના ખર્ચે બનેલો રોડ જાણે દુકાનદારોને સમર્પિત કરી દેવાયો હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે. હવે જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય અને સમાન પગલાં લેવામાં આવશે કે નહીં તે જોવું રહ્યું.

### આવશ્યક સેવા અને શાળાની સામે ગ્રીલ ફિટ

ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા અને આંગણવાડી જેવાં મહત્ત્વનાં સ્થળોની સામે ગ્રીલ લગાવી દેવામાં આવી છે. આ સ્થળોએ રોજિંદા મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

## પોખરણમાં વિસ્ફોટક પદાર્થ સાથે એક ઝડપાયો

સોનગઢ: તાપી એસ.ઓ.જી.એ બાતમીના આધારે સોનગઢના પોખરણ ગામના પાટિયા પાસેથી ગેરકાયદે વિસ્ફોટક પદાર્થ જીલેટીન સ્ટીક સાથે એકને ઝડપી પાડ્યો હતો.

તાપી એસઓજીની ટીમ સોનગઢ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, એક ઈસમ બ્લ્યુ કલરની મોપેડની ડિકીમાં લાઇસન્સ વગર ગેરકાયદે રીતે જીલેટીન સ્ટિક લઈને પોખરણ ગામ તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોખરણ ગામના પાટિયા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન સુઝુકી એક્સેસ મોપેડ નં.(GJ-26 AG-1633) લઈને પસાર થતા દીપકભાઈ સાકુભાઈ ગામીત (ઉં.વ.૨૭) (રહે.,પોખરણ ગામ, નિશાળ ફળિયું, તા.સોનગઢ)ને અટકાવી તલાસ કરાઈ હતી. દરમિયાન મોપેડની ડિકીમાંથી ૧૩ નંગ ગેરકાયદે જીલેટિન સ્ટીક મળી આવી હતી.

પોલીસે સ્થળ પરથી વિસ્ફોટક પદાર્થ, ત્રણ નંગ મોબાઈલ ફોન અને મોપેડ મળી કુલ રૂ.૫૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી પાસે વિસ્ફોટક રાખવા અંગેના કોઈ પણ પાસ કે પરમિટ મળી આવ્યાં ન હતાં. માનવ જિંદગી જોખમાય અને જાનમાલને નુકસાન થાય એ રીતે વિસ્ફોટકોની હેરાફેરી કરવા બદલ આરોપી વિરુદ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વ્યારા પાલિકામાં 3038 મતદારનો ઘટાડો થયો

**વ્યારા** પાલિકામાં 7 વોર્ડમાં 28 બેઠક પર 29639 મતદાર

વ્યારા: વ્યારા નગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પાલિકાના કુલ 7 વોર્ડના મતદારો અંગેની મતદાર યાદી ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી હતી, જેમાં ગત ટર્મની ચૂંટણી અને હાલ ચૂંટણી આયોગ દ્વારા SIRની કામગીરી બાદ 3 હજારથી વધુ મતદારોનો ઘટાડો થતાં કુલ 29639 જેટલા મતદારો નોંધાયા છે.

વર્ષ-2021 દરમિયાન યોજાયેલી વ્યારા નગર પાલિકાની ચૂંટણીની વાત કરીએ તો ત્યારે વ્યારા નગરમાં 16202 પુરુષ અને 16471 સ્ત્રી મતદાર નોંધાયા હતા. જેની સામે હાલ 3 હજારથી વધુ મતદારોનો ઘટાડો રાજકીય પક્ષો માટે ચિંતાનો વિષય બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારા નગર પાલિકામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે 7 વોર્ડની વોર્ડ દીઠ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં વોર્ડ નં.7માં સૌથી વધુ 4781 અને વોર્ડ નં.5માં સૌથી ઓછા 3295 મતદાર નોંધાયા છે. સાતેસાત વોર્ડની મતદાર યાદી જોઈએ તો વોર્ડ નં.1માં 3968, વોર્ડ નં.2માં 4112, વોર્ડ નં.3માં 4781, વોર્ડ નં.4માં 4358, વોર્ડ નં.5માં 3295, વોર્ડ નં.6માં 4424 અને વોર્ડ નં.7માં 4701 મળી સમગ્ર વ્યારા નગરમાં કુલ 29639 મતદારનો સમાવેશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે ચૂંટણી વિભાગ દ્વારા આગામી દિવસોમાં મતદારોની પૂરક યાદી જાહેર કરવામાં આવશે. જે દરમિયાન નવાં નામોનો સમાવેશ કરવામાં આવશે.

## ગંગાપુરમાં શાળાના ત્રીજા માળે કામ કરતી વખતે લપસી જતાં મજૂરનું મોત

ડેડિયાપાડા: ડેડિયાપાડાના ગંગાપુર ગામે આવેલી પ્રાથમિક શાળાના ત્રીજા માળે સેન્ટિંગનું કામ કરતી વખતે ભીખાભાઈ ઉર્ફે ગુલાબભાઈ પુનાભાઈ તડવી નામના મજૂરનો પગ લપસી ગયો હતો. જેના કારણે તે નીચે જમીન પર પટકાતાં તેને ગંભીર ઈજા થઈ હતી. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. પોલીસે અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે. બાંધકામ સ્થળે સલામતીના ધોરણોનું પાલન થયું કે નહીં તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

## અંકલેશ્વરમાં ચામુંડા માતા મંદિરનો પાટોત્સવ

અંકલેશ્વર: અંકલેશ્વરની હરિમંગલ સોસાયટીમાં ચામુંડા માતાજી મંદિરના 11મા પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ, મહાપ્રસાદી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

**ડિમાન્ડ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) હેઠળ.

અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત કાયદો) હેઠળ છે. ઉક્ત કાયદાની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસો જારી કરી છે, જેમાં નીચેના દેવાદાર/ઓ ("ઉક્ત દેવાદાર")ને તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

ઉપરોક્તના સંદર્ભમાં આ નોટિસ દ્વારા ઉક્ત દેવાદારને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે, આ નોટિસ પ્રસિદ્ધ થયાના 60 દિવસની અંદર, નીચે જણાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો હેઠળ ચૂકવવાપાત્ર, ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ 2% પ્રતિ માસના વધારાના વ્યાજ સાથે MHILને નીચે દર્શાવેલ રકમની ચૂકવણી કરે. લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની મિલકતો ઉક્ત દેવાદારો દ્વારા અનુક્રમે MHIL ને ગીરો રાખવામાં આવી છે.

| ક્રમ નં. | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદારનું નામ/ લોન એકાઉન્ટ નં./ શાખા | કુલ બાકી લેણી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ | સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|---|
| 1. | ગુલાબદાસ છોગારામ સંત/ સૂરજ દેવી ઓરમ દાસ/ 043-04300080/ ભરૂચ | રૂ. 43,79,735/- અંકે રૂપિયા તેતાલીસ લાખ ઓગણએંસી હજાર સાતસો પાંત્રીસ પૂરા. | 12-03-2026 | તે તમામ જમીન અને મિલકતનો ભાગ જે જીલ્લો ભરૂચ, સબ-ડીસ્ટ્રીક્ટ અંકલેશ્વર, મોજે કોસમડી, રે.સ.નં. 538, 538-B કુલ ક્ષેત્રફળ 6273 ચો.મી. પૈકી શિવમ એન્કલેવ, બીજો માળ, ફ્લેટ નં. 203, બાંધકામ ક્ષેત્રફળ 74.81 ચો.મી. છે. સદરહુ મિલકતની ચતુર્દિશા આ મુજબ છે: ઉત્તર: રે.સ. ખુલ્લી જમીન, પૂર્વ: ફ્લેટ નં. 204, દક્ષિણ: પેસેજ, પશ્ચિમ: ફ્લેટ નં. 202. |

જો ઉક્ત દેવાદારો ઉપર મુજબ MHILને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL ઉક્ત કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકતો સામે કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે ઉક્ત દેવાદારોના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે.

ઉક્ત દેવાદારોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્યથા ઉપરોક્ત મિલકતો સ્થળાંતરિત કરવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે. જે વ્યક્તિ ઉક્ત કાયદા અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા ઉલ્લંઘનમાં મદદ કરે, તે કાયદા હેઠળ જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખ: 26 માર્ચ, 2026
સ્થળ: ભરૂચ

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
**(વહીવટી શાખા) (બીજો પ્રયત્ન)**

વાપી મહાગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઈન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનું નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી ૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને ૨૦૨૫-૨૬ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડેકોરેટિવ મંડપ માલસામાન ભાડેથી કામગીરી કરવાનું કામ | 1. Rs.30,00,000/- 2. Rs.2500/-(18% GST)-450 Total-2950/- | 3. Rs.90,000/- 4. 12 Months |
| | ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી | |
| | ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી | |
| | ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૦૪/૦૪/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) | |

નં. માહિતી/વલસાડ/૧૦૨૨/૨૦૨૬

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

वित्त मंत्रालय MINISTRY OF FINANCE

**જીએસટી કરદાતા ધ્યાન આપો!**




જે કરદાતાઓનું કુલ વાર્ષિક ટર્નઓવર# એક નિર્દિષ્ટ મર્યાદા* સુધી છે, તેઓ નાણાકીય વર્ષ 2026-27 માટે જીએસટી કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ 31 માર્ચ, 2026 સુધી પસંદ કરી શકે છે

પાત્ર કરદાતાઓ, જેઓ કમ્પોઝિશન યોજનાનો લાભ લેવા ઇચ્છે છે, તેઓ જીએસટી પોર્ટલ (www.gst.gov.in) પર નીચેની પ્રક્રિયા દ્વારા કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે છે:

- લોગિન: કરદાતા ઇન્ટરફેસ પર લોગિન કરો
- સેવામાં જાઓ > રજિસ્ટ્રેશન > એપ્લિકેશન ટુ ઓપ્ટ ફોર કમ્પોઝિશન લેવી પર જાઓ
- ફોર્મ GST CMP-02 ભરીને સબમિટ કરો

**જે પાત્ર કરદાતાઓ પહેલેથી જ કમ્પોઝિશન યોજનાનો લાભ લઈ રહ્યા છે, તેમને ફોર્મ GST CMP-02 ભરવાની જરૂર નથી**

- સરળ અને સુવિધાજનક પાલન
- આકર્ષક કર દરો
- ન્યૂનતમ પાલન જરૂરિયાતો
- સ્વતઃ ચાલુ/ નવીનીકરણ અને યોજના છોડવી પણ સરળ
- માલ અને સેવાઓના સપ્લાયર્સ માટે ઉપલબ્ધ
- ઓછી ખાતાવહીની જરૂરિયાત

| * સપ્લાયરના પ્રકાર | | # નાણાકીય વર્ષ 2025-26માં કુલ વાર્ષિક ટર્નઓવર |
|---|---|---|
| માલના સપ્લાયર | 08 નિર્દિષ્ટ રાજ્યોમાં નોંધાયેલા કરદાતા | રૂ. 75 લાખ સુધી |
| | અન્ય રાજ્યોમાં નોંધાયેલા કરદાતા | રૂ. 150 લાખ સુધી |
| સેવાઓના સપ્લાયર | | રૂ. 50 લાખ સુધી |

વધુ માહિતી માટે કૃપા કરીને જીએસટી અધિનિયમની કલમ 10, સીજીએસટી નિયમ 3 થી 7 અને જાહેરનામું ક્રમાંક 14/2019 કેન્દ્રીય કર તારીખ 07.03.2019 જુઓ.

**જીએસટી કમ્પોઝિશન યોજના: નાના કરદાતાઓ માટે મોટા લાભ**

@cbicindia @cbic_india @cbicindia @CBICINDIA @CBIC india

CBC 15502/13/0051/2526